નવેમ્બર ૨૦૨૫

અક્રમ એક્સપ્રેસ



અક્રમ લૅબ

સંપાદકીય

બાળમિત્રો,

વૈજ્ઞાનિકો એટલે સુપર ડિટેક્ટિવ ! તેઓ હંમેશાં જિજ્ઞાસુ બનીને નવી નવી શોધખોળ કરે અને પ્રૉબ્લેમ્સ સૉલ્વ કરે. તેઓ પ્રયોગો કરે, અવલોકન કરે અને પછી જવાબો મેળવે. એક વૈજ્ઞાનિક ક્યારેય નવું નવું શીખવાનું કે શોધખોળ કરવાનું ના છોડે.

તો ચાલો, આ અંકમાં આપણે પણ વૈજ્ઞાનિક બનીને પ્રયોગો કરીએ અને દરેક પ્રયોગનું કંઈક નવું જ તારણ કાઢીએ, અક્રમ સાયન્સની રીતે ! આ તારણો આપણને લાઈફમાં જુદી જુદી જગ્યાએ મદદરૂપ થઈ પડશે.

ચાલો, લૅબ-કોટ અને ચશ્મા પહેરીને બની જાઓ વૈજ્ઞાનિક અને થઈ જાઓ પ્રયોગો કરવા માટે તૈયાર !

- ડિમ્પલ મહેતા

અક્રમ એક્સપ્રેસ

November, 2025
Year 18, Issue : 03
Conti. Issue No.: 207
Published Monthly

સંપર્ક સૂત્રઃ
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ. પો. - અડાલજ,
જી. ગાંધીનગર - ૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : 9328661166/77
Email: akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org

Editor: Dimple Mehta
Published by Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist.- Gandhinagar.

© 2025, Dada Bhagwan Foundation
All Rights Reserved

Price Per Copy: NIL

પ્રયોગ ૧

શું જરૂર પડશે ?

- કાચનો પારદર્શક ગ્લાસ
- પાણી
- કાગળનો ટૂકડો
- પેન

પ્રક્રિયા

1. કાગળના ટુકડા પર જમણી બાજુ ઈશારો કરતું મોટું તીર (➡) દોરો. તીરવાળું કાગળ ટેબલ અથવા કોઈ પણ સપાટી પર મૂકો.





2. કાચના ગ્લાસની પાછળ કાગળ એવી રીતે મૂકો, કે તમે ગ્લાસમાંથી તીર જોઈ શકો.

3. ધીમે ધીમે ગ્લાસમાં
પાણી ભરો.



અવલોકન

ગ્લાસમાં પાણી ભરતા શું થયું ?

હિન્ટ : ગ્લાસમાં પાણી ભરાયા પછી તીર કઈ બાજુ ઈશારો કરતું દેખાય છે ?

[illegible] (⬅) [illegible]

અક્રમ સાયન્સ કહે છે કે...

માની લો કે,

- કાગળ પર દોરેલું તીર – આપણા ફ્રેન્ડ્સ, ટીચર્સ, પરિવાર વગેરે
- ખાલી કાચનો ગ્લાસ – આપણી ચોખ્ખી દૃષ્ટિ
- પાણી – આપણી નેગેટિવ દૃષ્ટિ
- પ્રયોગ જોનારા – આપણે

આપણે જેનાથી આપણી આસપાસની દુનિયાને જોઈએ છીએ, એ જ આપણી દૃષ્ટિ છે. જ્યારે કાચનો ગ્લાસ ખાલી હતો, એટલે કે આપણી દૃષ્ટિ ચોખ્ખી હતી, ત્યારે આપણને બધું સીધું દેખાતું હતું.

પણ જ્યારે ગ્લાસમાં પાણી ભરાયું, એટલે કે આપણી દૃષ્ટિ નેગેટિવ થઈ ગઈ, ત્યારે સીધું પણ આપણને ઊંધું દેખાય છે. એવી જ રીતે ક્યારેક આપણને આપણા ફ્રેન્ડ્સ, ટીચર્સ, ભાઈ-બહેન કે મમ્મી-પપ્પાનું ઊંધું દેખાય છે, પણ ખરેખર એમનામાં કંઈ ઊંધું હોતું જ નથી. આપણી દૃષ્ટિ નેગેટિવ થઈ ગઈ હોય છે.

તો ચાલો, નેગેટિવ દૃષ્ટિ કાઢીને ચોખ્ખી દૃષ્ટિથી જોઈએ. પૉઝિટિવ જોઈએ.

પૉઝિટિવ જોવાથી અંદર બહુ શાંતિ રહે. નેગેટિવ હંમેશાં ભોગવટો આપે.

પ્રશ્નકર્તા : પણ મને પૉઝિટિવ નથી દેખાતું.

પૂજ્યશ્રી : આપણા ચશ્મા વાંકા છે, એટલે નથી દેખાતું. બાકી હોય કે ના હોય એ તપાસ જ ક્યાં કરી છે ? અભિપ્રાય આપી દીધો, આ લોકો આવા જ છે. આપણે નિરીક્ષણ કરવું પડે, ઑબ્ઝર્વેશન. આમ ઑબ્ઝર્વેશન કરીએ તો પૉઝિટિવ જડે. બાકી અભિપ્રાય ના આપી દેવાય, કે આમાં પૉઝિટિવ છે જ નહીં, નેગેટિવ જ છે.

જ્ઞાનીઓ કહે છે...

એણે દસ વખત હેલ્પ ના કરી હોય, પણ એક વખત હેલ્પ કરી હોય ને તો દસ વખતને બાજુમાં મૂકી દેવાનું અને કહેવું કે ના, બહુ સારા છે. પૉઝિટિવ શોધી કાઢો એની માટે. એમ કરી કરીને પૉઝિટિવથી નેગેટિવને ઝીરો કરી નાખો. ફાવશે ?

હું તમારી માટે ઊંધું માન્યા કરું, તો તમે જેટલી વાર મને ભેગા થાઓ ને તો તમને મારી સાથે વાત કરવાનું ગમે જ નહીં. કેમ ? મારા નેગેટિવ અભિપ્રાય તમને ભોગવટા આપે.

વાંકું જોયું એનું પ્રતિક્રમણ કરવાનું. તો આપણે ચોખ્ખા થઈએ અને ગુનો ધોવાઈ જાય.

પ્રયોગ 2

શું જરૂર પડશે ?

- ડિશ અથવા બાઉલ (વાટકો)
- પાણી
- દીવાસળી - ૩
- ડિશવૉશિંગ લિક્વિડ (ડિશ ધોવાનો પ્રવાહી સાબુ) - ૪-૫ ટીપાં
- કૉટન બડસ (પિક્ચર પ્રમાણે)

પ્રક્રિયા

1. એક ડિશ અથવા બાઉલમાં થોડું પાણી રેડો.



2. પાણીમાં ત્રણ દીવાસળીને ત્રિકોણ આકારમાં ગોઠવો.



3. કૉટન બડસની ટોચને ડિશવૉશિંગ સાબુમાં ડૂબાડો.

4. હવે હળવેથી કૉટન બડસની ટોચને પાણીના વચ્ચેના ભાગમાં ટચ કરો.



અવલોકન

કોટન બડ અડતાની સાથે શું થયું ?

જવાબ : પાણીનું પૃષ્ઠતાણ ઘટતાં દીવાસળીઓ દૂર ભાગી ગઈ !

અક્રમ સાયન્સ કહે છે કે...

માની લો કે,

- પાણી – આપણી દુનિયા
- દીવાસળી – આપણા ફ્રેન્ડ્સ
- કૉટન બડસ – આપણે
- ડિશવૉશિંગ લિક્વિડ – આપણી રિસાવાની આદત

ફ્રેન્ડ્સની સાથે આપણને કેટલી મજા આવે છે ! પણ જો આપણે વારે વારે એમનાથી રિસાઈ જઈએ તો શું થાય ? જેમ દીવાસળી ડિશવૉશિંગ લિક્વિડવાળા કૉટન બડસથી દૂર ભાગી ગઈ, એમ આપણા ફ્રેન્ડ્સ પણ આપણાથી દૂર ભાગી જાય.

તો હવે આપણે આપણી રિસાવાની આદતથી દૂર જ રહીશું. જેથી આપણા મસ્તમજાના ફ્રેન્ડ્સ આપણાથી દૂર ના ભાગે.

રિસાઈએ તો શું થાય ?

હું રમવા આવી ગયો છું.
હાય નીનો ! એક રાઉન્ડ રાહ જો ઓ.કે ?
હંમેશા મારે જ રાહ જોવી પડે છે. નથી રમવું તમારી સાથે.
બધા મારા વગર મજા કરી રહ્યા છે ?

રિસાવાથી નીનોને ગેમ રમવા ના મળી અને ફ્રેન્ડ્સ પણ એનાથી દૂર થઈ ગયા. નુકસાન જ નુકસાન થયું !

પ્રયોગ 3

શું જરૂર પડશે ?

- બે ફુગ્ગા
- એક નારંગી

પ્રક્રિયા

1. ૨ ફુગ્ગા ફુલાવો.





2. નારંગી છોલો અને છાલને બાજુમાં રાખો.

3. ફુલાયેલા ફુગ્ગા પર નારંગીની છાલ નિચવો. જેથી થોડા ટીપાં ફુગ્ગા પર પડે.

અવલોકન

એક જ સેકન્ડમાં ફુલાયેલા ફુગ્ગાનું શું થયું ?

જવાબ :- નારંગીની છાલનો રસ ફુગ્ગા પર પડતાં જ [illegible]
જ ફુગ્ગો ફૂટી ગયો.

અક્રમ સાયન્સ કહે છે કે...

માની લો કે,

- નારંગીની છાલ – આપણી ફરિયાદો
- ફુગ્ગો – આપણા મમ્મી-પપ્પાનું દિલ

જેવી રીતે નારંગીની છાલના ટીપાંથી ફુગ્ગો ફૂટી જાય છે, તે જ રીતે આપણી ફરિયાદોથી મમ્મી-પપ્પાનું દિલ પણ તૂટી જાય છે. મમ્મી-પપ્પા આપણા માટે કેટલું બધું કરે છે. છતાંય જો આપણે ફરિયાદ કરીએ તો એમને કેટલું દુઃખ થાય !

તો, આપણે નક્કી કરીએ કે હવેથી હંમેશા ખુશ રહીશું અને ફરિયાદ કરીને મમ્મી-પપ્પાનું દિલ નહીં તોડીએ.

Complaint Jar

'આજે ફરી ભાખરી -શાક ? મેં કહ્યું હતુંને કે મારે નુડલ્સ ખાવા છે.' આર્યને જમવાની થાળી સામે મોઢું બગાડીને કહ્યું. 'સોરી બેટા. આજે ટાઈમ નહોતો. સન્ડે બનાવી આપીશ.' મમ્મીએ પ્રેમથી આર્યનને સમજાવ્યું. પણ, આર્યન નારાજ થઈ ગયો. આર્યનની ફરિયાદોનું લીસ્ટ દરરોજ વધ્યા જ કરતું હતું.

એક દિવસ આર્યનના રૂમમાં દાદીએ કાંચની બરણી મૂકી. એના પર લખ્યું હતું, 'ફરિયાદ બરણી.' આ જોઈ, આર્યનને નવાઈ લાગી. ત્યાં એક ચિઠ્ઠીમાં લખ્યું હતું, જ્યારે જ્યારે તું ફરિયાદ કરે ત્યારે બરણીમાં એક સિક્કો નાંખજે. દાદીએ આર્યનને સિક્કાનું નાનકડું પાઉચ પણ આપ્યું.

ત્રણ જ દિવસમાં કાંચની બરણી અડધી ભરાઈ ગઈ. દાદીએ કહ્યું, 'આર્યન બરણી તો ભારે થતી જાય છે. અને સાથે સાથે મમ્મી-પપ્પાના દિલ પણ !' આર્યનને દાદીની વાત સમજાઈ નહીં.

તે સાંજે હોલમાં બેઠો બેઠો આર્યન હોમવર્ક કરી રહ્યો હતો. અચાનક, એને પોતાનો જ અવાજ સંભળાયો, 'મને જે જોઈએ છે તે તમે મને ક્યારેય અપાવતા જ નથી ! તમે મારી વાત માનતા જ નથી.'

જોયું તો દાદીના ફોનમાંથી આર્યનનો અવાજ આવી રહ્યો હતો. દાદીએ આર્યનનો અવાજ રેકોર્ડ કરી લીધો હતો. પોતાનો અવાજ સાંભળીને આર્યનને આંચકો લાગ્યો. એણે ધીમેથી પૂછ્યું, 'દાદી, હું આવી રીતે બોલું છું ? મને જ સાંભળીને દુઃખ થઈ ગયું.' દાદીએ પ્રેમથી એના માથે હાથ ફેરવીને કહ્યું, 'તો મમ્મી-પપ્પાને કેવું થતું હશે ? એ તારા માટે કેટલું બધું કરે છે. પણ જ્યારે તું ફરિયાદ કરે છે ત્યારે એમનું દિલ કેટલું તૂટી જાય છે, ખબર છે ?' આર્યન કંઈ જ બોલ્યો નહીં.

બીજા દિવસે આર્યને 'ફરિયાદ બરણી'નું નામ બદલીને 'થેંક-યુ' બરણી કરી નાંખ્યું. એ ફરિયાદ કરવાને બદલે હવે 'થેંક-યુ' કહે છે. જેમ કે ના ભાવતું શાક બન્યું હોય તો ફરિયાદ કરવાને બદલે ચિઠ્ઠીમાં લખે છે, 'મમ્મી આજે થાકી ગયા હતા તો પણ એમને રસોઈ બનાવી. થેંક-યુ મમ્મી.' અને આ ચિઠ્ઠી 'થેંક-યુ' બરણીમાં નાંખે છે. હવે આર્યન પણ ખુશ-ખુશાલ રહે છે અને મમ્મી-પપ્પા પણ !

પ્રયોગ ૪

શું જરૂર પડશે ?

- બે કાચના પારદર્શક ગ્લાસ
- પાણી - ૧ કપ
- મીઠું - ૨-૩ ચમચી
- ફૂડ કલર - ૪-૫ ટીપાં
- ચમચી

પ્રક્રિયા

1. બે કાચના ગ્લાસમાં સરખું પાણી ભરો.



2. એક ગ્લાસમાં મીઠું ઉમેરો અને ચમચીથી હલાવો. બીજા ગ્લાસમાં સાદું પાણી રહેવા દો.





3. બંને ગ્લાસમાં ફૂડ કલર્સના થોડા ટીપાં નાખો અને ધ્યાનથી જુઓ.

અવલોકન

શું ફૂડ કલર્સ બંને ગ્લાસના પાણીમાં સરખી રીતે મિક્સ થઈ ગયા ?

જવાબ : સાદા પાણીમાં ઝડપ જ ફૂડ કલર્સ મિક્સ થઈ જશે. જ્યારે મીઠાવાળા પાણીમાં ફૂડ કલર્સ ઉપર પડ્યા રહેશે અને મિક્સ થવામાં ઘણી વાર લાગશે.

અક્રમ સાયન્સ કહે છે કે...

માની લો કે,

- પાણીવાળો કાચનો ગ્લાસ – આપણે
- ફૂડ કલર્સ – ભણવાનું
- મીઠું – ટી.વી., ઈન્ટરનેટ વગેરે જોઈને આપણા ચિત્તમાં જે કચરો ભરાઈ જાય તે.

સાદા પાણીમાં ફૂડ કલર્સ તરત જ મિક્સ થઈ જાય છે. તે જ રીતે આપણું ચિત્ત ચોખ્ખું હોય, તો ભણવાનું આપણા ચિત્તમાં ધારણ થઈને આપણને યાદ રહી જાય.

પણ જો ચિત્તમાં આપણે ટી.વી.,ઈન્ટરનેટ રૂપી મીઠું મિક્સ કરી દઈએ, તો જેમ ફૂડ કલર્સ મીઠાંવાળા પાણીની સપાટી પર તરતા રહે છે અને મિક્સ નથી થઈ શકતા. તે જ રીતે ભણવાનું પણ આપણને ઉપર ઉપરથી યાદ રહે છે. પણ સાચી રીતે ધારણ નથી થઈ શકતું.

આપણું ચિત્ત ચોખ્ખું હોય, તો ભણવાનું આપણા ચિત્તમાં ધારણ થઈને આપણને યાદ રહી જાય.

ભણવામાં ગ્રાસ્પિંગ વધારવા શું કરવું?

પૂજ્યશ્રી : પહેલું તો આ ભણતરમાં ઈન્ટરેસ્ટ ઊભો કરવાનો, કે આની કેટલી મહત્ત્વતા છે. ફર્સ્ટ પ્રાયૉરિટી ભણતર રાખવાનું. જો ઈન્ટરેસ્ટ હોય ને તો પછી બહુ યાદશક્તિ વધે.

બીજું 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' બોલો તો તમારું ચિત્ત શુદ્ધ થતું જાય. શુદ્ધ થયેલું ચિત્ત જબરજસ્ત ગ્રાસ્પિંગ કરી શકે. એકાગ્રતાની શક્તિ વધે, ભણતરમાં યાદશક્તિ ઊંચામાં ઊંચી આવે.

આંખો બંધ કરીને, કાને સંભળાય એવી રીતે, આમ એક-એક અક્ષર દા...દા... ભ...ગ...વા...ન... વાંચીને દસ મિનિટ 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' કરો, તો બહુ પાવર વધી જાય.

આવા ઘણાં લોકોના અનુભવ છે, કે વાંચતા પહેલા દસ મિનિટ આવી રીતે અસીમ જય જયકાર બોલે, શક્તિ માંગીને વાંચે, કે 'હે દાદા ભગવાન ! મને વાંચવાનું યાદ રહે એવી શક્તિ આપો, એકાગ્રતાથી વંચાય એવી શક્તિ આપો.' તો પછી એનું પરિણામ એવું આવે છે, કે એને અઠ્ઠાવન ટકા આવતા હોય તો ઈઠ્યોતેર ટકા આવે. વીસ ટકા રિઝલ્ટ વધી જાય છે.

ભણવાનું રિઝલ્ટ વધારે જોઈતું હોય, તો આવો પ્રયોગ કરી જોજો. સરસ રિઝલ્ટ આવશે.

ભણતા પહેલાની પ્રાર્થના

Click Hear:
https://kids.dadabhagwan.org/knowledge-house/book-world/Gujarati/prathana/

પ્રયોગ 5

ચેતવણી : કૃપા કરીને આ પ્રયોગ પેરેન્ટ્સની હાજરીમાં જ કરવો.

શું જરુર પડશે ?

- એક નાની મીણબત્તી
- દીવાસળી
- બૅકિંગ સોડા- ૧-૨ ચમચી
- વિનેગર - ૫૦ ml
- એક ગ્લાસ
- એક નાની થાળી

પ્રક્રિયા

1. મીણબત્તીને નાની થાળીમાં મૂકીને સળગાવો.

2. એક ગ્લાસમાં બૅકિંગ સોડા નાખો. હવે ગ્લાસમાં ધીમે ધીમે વિનેગર ઉમેરો.

5. ગ્લાસમાં કાર્બન ડાયોક્સાઈડ (CO_2) ગૅસ બનશે.



4. ગ્લાસને મીણબત્તીની નજીક લાવો અને થોડો ત્રાંસો કરો.

અવલોકન

મીણબત્તીની જ્યોતને શું થયું ?

જવાબ : CO_2 ગૅસ ગ્લાસમાંથી બહાર આવશે અને મીણબત્તીની જ્યોતને ઓલવી દેશે.

અક્રમ સાયન્સ કહે છે કે...

માની લો કે,

- મીણબત્તી – આપણે
- મીણબત્તીની જ્યોત – આપણો ગુસ્સો
- બૅકિંગ સોડા+વિનેગર – પ્રતિક્રમણ

ઘણીવાર આપણને આપણી આસપાસના લોકો પર ગુસ્સો આવી જાય છે. ગુસ્સો એટલે મીણબત્તીની જ્યોત. અંદર કંઈક બળતું હોય એવું લાગે. હવે એ ગુસ્સાના ફાયર પર આપણે પ્રતિક્રમણનું fire extinguisher (આગ ઓલવવાનું સાધન) વાપરીએ તો આગ તરત જ બુઝાઈ જાય.

તો હવે આપણે આ આગ ઓલવવાનું સાધન આપણી સાથે જ રાખીશું. જેથી આપણે પણ ના બળીએ અને આપણી આસપાસ કોઈને ના બાળીએ.

ગુસ્સો કેટલા પ્રકારે ?

ગુસ્સો ત્રણ પ્રકારે થઈ શકે.
મનથી, વાણીથી અને વર્તનથી.

મનથી ગુસ્સો એટલે શું ?

વાણીથી ગુસ્સો એટલે શું ?
તારી મોબાઈલની પંદર મિનિટ્સ પૂરી થઈ ગઈ છે, હવે મૂકી દે ફોન.
ના ! બધા કલાક-કલાક રમે છે. તમે જ મને ના પાડ પાડ કરો છો.
વર્તનથી ગુસ્સો એટલે શું ?
તેં મારી પર પાણી નાખ્યું જ કેમ ? મારા કપડાં બધા પલળી ગયા !
તારો ધક્કો વાગ્યો એટલે ભૂલથી ઢોળાઈ ગયું.

પ્રતિક્રમણ
કરવાની રીત

સામાને ગુસ્સો કરીને દુઃખ અપાઈ જાય, ત્યારે એમની અંદર બેઠેલા ભગવાનને અથવા દાદા ભગવાનને યાદ કરીને આમ પ્રતિક્રમણ કરવું.

હે દાદા ભગવાન ! (અથવા જે ભગવાનને માનતા હોય તે ભગવાનને યાદ કરવા) મારાથી આ ભૂલ થઈ, આમની સાથે ગુસ્સો થઈ ગયો, માટે હું ક્ષમા માંગું છું. પસ્તાવો કરું છું. ફરી નહીં કરું.

પ્રતિક્રમણ મીટર

તારીખ	આજે મારાથી કોને દુઃખ થયું/ગુસ્સો થઈ ગયો ?	શું મેં એના પ્રતિક્રમણ કર્યાં ?
૧		
૨		
૩		

AALOO CHILLY

આલુ-ચીલીની અત્યાર સુધીની વાર્તા એક સાથે વાંચવા...
Click Here : https://shorturl.at/zyqqd

આલુ સાથે ફ્રેન્ડશિપ તોડીને ચીલી રડતો રડતો જતો રહ્યો છે. ત્યારે આલુ પોતાની અને ચીલીની નાનપણની વાત પાર્સલીને કરે છે. નાનપણમાં આલુના જુદા કલરના કારણે બધા એને 'રંગીન રોતલું' કહીને ચિડવતા હતા. જ્યારે આલુએ પહેલી વાર સ્કેટિંગ ટ્રાય કર્યું, ત્યારે બધાએ એને ખૂબ ચિડવ્યો. એટલે એ દુઃખી થઈને તળાવ પર જતો રહ્યો. હવે આગળ...

હું તળાવ પાસે બેઠો હતો. પાણીમાં પોતાનો પડછાયો જોઈને વિચારતો હતો, કે કાશ હું પણ બધા જેવો દેખાતો હોત ! તો મારી સાથે આવું ના થાત. ત્યાં જ મને અવાજ આવ્યો, 'એ જાડિયા, મને ઓળખ્યો ? હું ચીલી...' મેં જોયું તો ચીલી પાણીમાં ઊંધો પડીને મજા કરતો હતો. વર્ષો પહેલા જ્યારે જંગલમાં આગ લાગી હતી, ત્યારે ચીલી સાથે મારી થોડી ઓળખાણ થઈ હતી. પણ હું એને ખાસ જાણતો નહોતો. પણ એ દિવસે તળાવ પર એણે મને એવી રીતે બોલાવ્યો, જાણે અમારી બહુ જૂની ઓળખાણ હોય.

એ મને કહેવા લાગ્યો, 'હું મોટો થઈને મહાન સિંગર બનીશ અને આખું જંગલ મારો ઑટોગ્રાફ લેવા આવશે. તને જોઈતો હોય તો કહી દે. હું અત્યારે જ આપી દઉં.'

મેં વિચાર્યા વગર એને મારી નોટ આપી. તો કહેવા માંડ્યો, 'જાડિયા, પહેલા તારું નામ તો કહે !' તો મારાથી બોલાઈ ગયું,

‘રંગીન રોતલું.’ તો એ જોર જોરથી હસવા લાગ્યો અને બોલ્યો, ‘આવું કેવું નામ છે ? તું રંગીન રોતલું કેવી રીતે ? તારાથી વધારે તો હું રંગીન છું. તું રંગીન રોતલું, તો હું રંગીન છોતરું.’ હવે એક પોપટ પણ મારી મસ્તી કરે છે ! એમ વિચારીને મારું મોઢું પડી ગયું.

મારું મોઢું જોઈને એ સીધો મારા ખભા પર બેઠો અને કહેવા લાગ્યો, ‘જો આલુ, તું ચિંતા ના કરીશ. તું સ્કેટિંગ કર. તને કોઈ હેરાન કરશે તો હું એને જોઈ લઈશ.’ મેં એને પૂછ્યું કે, ‘તને મારું નામ કેવી રીતે ખબર છે ?’ તો એ કહે, ‘મને બધી ખબર હોય છે. તું બી રંગીન, હું બી રંગીન. તું બનીશ મારો બેસ્ટ ફ્રેન્ડ ?’ બેસ્ટ ફ્રેન્ડ ? મારું તો આખા જંગલમ કોઈ ફ્રેન્ડ પણ નહોતું અને આ ચીલી તો સીધો મારો બેસ્ટ ફ્રેન્ડ બનવા તૈયાર થઈ ગયો !

બીજા દિવસે ચીલી મને પરાણે સ્કેટિંગ કરવા લઈ ગયો અને

મને કહે, ‘જો આલુ, તું મારો બેસ્ટ ફ્રેન્ડ છે. એટલે હું તને એક સિક્રેટ કહીશ. આજે તને કોઈ ચીડવેને, તો તું એને મોટી સ્માઈલ આપજે અને જો કોઈ તને હેરાન કરશે તો હું એને જોઈ લઈશ.’ મને થયું, આટલું નાનું બચ્ચું મોટા મોટા મદનિયાને કેવી રીતે જોઈ લેશે ? મેં કીધું, ‘પણ...’ તો એ વચ્ચે જ બોલી ઊઠ્યો, ‘અરે રે, તને સ્માઈલ આપતા નથી આવડતું ? ઊભો રહે, હું શીખવાડું !’, આમ કહી એણે મને મોટી સ્માઈલ આપી.

એ એવો કાર્ટૂન લાગતો હતો, કે એને જોઈને મને હસવું આવી ગયું. તો મને કહે, ‘એ આલુ ! તને તો સ્માઈલ કરતા આવડી ગયું. ચલ, બાય...’ કહીને એ ઊડી ગયો.

સ્કેટિંગ રીંગ પર આલુ આવી તો ગયો, પણ જ્યારે મદનિયાં આવીને એને ચીડાવશે, ત્યારે શું ચીલીના શીખવાડ્યા પ્રમાણે આલુ સ્માઈલ કરી શકશે ? આટલો નાનો ચીલી કઇ રીતે મદનિયાં સાથે લડશે ?

WELCOME TO AKRAM LAB

આ કોઈ સામાન્ય લેબ નથી. અહીં મસ્ત-મજાના વૈજ્ઞાનિક પ્રયોગો આપણને જીવન જીવવાના મૂલ્ય શીખવે છે. જાણવું છે કે વૈજ્ઞાનિક પ્રયોગોથી ફ્રેન્ડશીપ, માફી માંગવી, ખુશ રહેવું અને સારી રીતે અભ્યાસ કરવો કેવી રીતે શીખાય ? તો લેબ-કોટ પહેરીને વૈજ્ઞાનિક બની જાઓ અને જાતે જ શોધીને શીખવા તૈયાર થઈ જાઓ !